ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

MAS
નવરાત્રી આવી ... ઓફરોની રમઝટ લાવી.
"સુખ - સમૃધ્ધિની હોય કોઈ પણ જરૂરીયાત, બસ માસ થી જ કરો શુભ શરૂઆત"
ટુ-વ્હીલર વસાવો 100%* લોન મેળવો
પ્રિ-ઓન કાર વસાવો 90%* સુધી લોન
કોમર્શિયલ વ્હીકલ લોન 90%* સુધી
પર્સનલ લોન 5 લાખ* સુધી ફક્ત 3 દિવસમાં*
બિઝનેસ લોન 5 કરોડ* સુધી
હોમ લોન
શોપ લોન
મશીનરી લોન
ઈન્ડસ્ટ્રીયલ શેડ લોન
★ સ્કીમ મુજબ, નિયમો અનુસાર
EXCELLENCE THROUGH ENDEAVOURS
MAS FINANCIAL SERVICES LTD.
The Power of Distribution
માસ ફાયનાન્સિયલ સર્વિસીસ લિમિટેડ
જે સમજે આપના અમૂલ્ય સ્વપ્નાનું મુલ્ય
વધુ માહિતી માટે મિસ્ડ કોલ કરો
079 - 49137711



કુમ કુમ કેરા પગલેં માડી... ગરબે રમવા આવો ને... પરંપરાગત અને ગુજરાતી સંસ્કૃતિની છાંટવાળા ગરબાઓની તાલે ગાંધીનગરાઓ મન મુકીને ઝુમી રહ્યા છે. બે વર્ષ બાદ આયોજીત થયેલા ગરબામાં ખેલૈયાઓ મન મુકીને મ્હાલી રહ્યા છે અને અવનવા સ્ટેપ્સ વડે ગરબાનો આનંદ માણી રહ્યા છે. કલ્ચરલ ફોરમનું ગરબા ગ્રાઉન્ડ ખેલૈયાઓથી જાણે ઉભરાઈ રહ્યુ છે. મોજ-મસ્તી અને આનંદ-ઉમંગથી સભર ખેલૈયાઓ નવરાત્રીને વધુને વધુ ઉલ્લાસમય બનાવી રહ્યા છે. અવનવા ભાતીગળ પહેરવેશમાં સજ્જ ખેલૈયાઓ સતત ત્રણ-ચાર કલાક સુધી ગરબા રમીને મા આદ્યશક્તિની અનોખી આરાધના કરવાનો લ્હાવો મેળવી રહ્યા છે. શહેરના પાર્ટીપ્લોટ્સ ઉપરાંત શેરી ગરબાઓમાં પણ ખેલૈયાઓ મન મુકીને ગરબે ઘુમી રહ્યા છે.

# સેકટરોમાં જુદી જુદી કક્ષાના પાંચ દાયકા જુના ૬૪૯ મકાનો તોડી નાંખવામાં મંજુરી

**સેકટરોમાં સ્થિત જુના મકાનો રહેણાંકને લાયક રહ્યા નથી : જયારે જુના જોખમી મકાનો તોડી નવા આવાસો બાંધવા ઝડપથી જગ્યા ખુલ્લી કરવાનુ આયોજન**

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગર શહેરમાં જુદી જુદી કક્ષાના સરકારી આવાસો સાડા ચાર દાયકાના અંતે જોખમી અને જર્જરિત હાલતમાં જોવા મળી રહ્યા છે. સરકારી આવાસો ખંડેર બનતા સેકટરોમાં હવે આવાસોનો ઝડપથી નિકાલ લાવી જગ્યા ખુલ્લી કરવા માટે જુના આવાસો તોડવામાં આવી રહ્યા છે. પાટનગર યોજના વિભાગની દરખાસ્તના અંતે શહેરના વિવિધ સેકટરોમાં જુદી જુદી કક્ષાના કુલ ૬૪૯ મકાનો તોડવા માટે માર્ગ મકાન વિભાગે મંજુરી આપી દીધી છે. જુના અને કંગાળ આવાસો તોડવા માટે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. જયારે દિવાળી બાદ આ જોખમી

**સેકટરોમાં તોડવામાં આવનાર વિવિધ કક્ષાના આવાસો**

| સેકટર | કક્ષા | યુનિટ |
|---|---|---|
| ૩૦ | ચ | ૯૨ |
| ૧૬ | જ-૨ ,છ | ૬૬ |
| ૧૩ | ચ-૧,જ | ૧૩૮ |
| ૨૪ | જ-૧ | ૧૪૪ |
| ૭ | ચ,જ | ૯૬ |
| ૧૭ | જ-૨, છ | ૧૧૩ |

આવાસો તોડવા માટેનુ કામ શરૂ કરી દેવાશે.

ગાંધીનગર શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો વર્ષોના અંતે જોખમી બન્યા છે. જર્જરિત અને જોખમી આવાસો તોડવા માટે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જુના મકાનો તોડીને જગ્યા ખુલ્લી થતા નવા મકાનો બાંધવા માટે આયોજન કરવામાં આવે છે. જયારે વર્ષો જુના આવાસના સ્થાને હવે કોર્પોરેટ લુક ધરવતા ટાવર ઉબા કરવામાં આવી રહ્યા છે. જેથી ઓછી જગ્યામાં વધુ આવાસો બાંધી શકાય હાલ પણ સેકટરોમાં મકાનો તોડવાની કામગીરી ચાલી રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

# આજે કલ્ચરલ ફોરમના આંગણે બેડમિન્ટન સ્ટાર પી.વી. સિંધુ પધારશે

**આવતીકાલે કલ્ચરલ ફોરમના ગરબા નિહાળવા વેઈટ લિફ્ટર મીરાંબાઈ ચાનુ પધારશે**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરમાં કલ્ચરલ ફોરમની "નવલી નવરાત્રી-૨૦૨૨"માં ખેલૈયાઓ મન મુકીને ગરબે ઘુમી રહ્યાં છે. કોરોના મહામારીના કપરાં બે વર્ષ બાદ યોજાયેલી કલ્ચરલ ફોરમની નવરાત્રી આ વખતે અનેકવિધ આકર્ષણો સાથે નવા આયામો સર કરી રહી છે. બીજી તરફ ગુજરાત જયારે "નેશનલ ગેમ્સ-૨૦૨૨"નું યજમાન કરી રહ્યું છે ત્યારે સમગ્ર દેશને વૈશ્વિકકક્ષાએ ઉન્નત શિખરે બિરાજમાન કરવામાં જેમનું યોગદાન છે તેવા આંતરરાષ્ટ્રીય ખેલાડીઓ કલ્ચરલ ફોરમના આંગણે પધારી રહ્યાં છે. ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબા નિહાળવા તા. ૨૯મી ઓક્ટોબર ચોથા નોરતે ભારતની બેડમિન્ટન સ્ટાર પી.વી. સિંધુ અને તા. ૩૦મી સપ્ટેમ્બર પાંચમા નોંરતે વેઈટ લિફ્ટર મીરાંબાઈ ચાનુ પધારી રહ્યાં છે.



ભારતીય ખેલ જગતમાં જેમનું અત્યારે ખૂબ મોટું નામ છે તેવા પદ્મભૂષણ અને પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત બેડમિન્ટનમાં ભારતનું નામ સમગ્ર વિશ્વમાં ઝળકાવનાર પુસલાં વેંકટા સિંધુ ઉર્ફે પી.વી. સિંધુ ગુરૂવારે રાત્રે કલ્ચરલ ફોરમના ગરબામાં હાજરી આપશે. આ ઉપરાંત શુક્રવારે રાત્રે ટોકિયો ઓલિમ્પિકથી માંડીને તાજેતરની કોમનવેલ્થ ગેમ્સમાં મહિલા વેઈટ લિફટીંગમાં દેશનું મસ્તક ગર્વથી ઉન્નત કરનાર પદ્મશ્રી મીરાંબાઈ ચાનુ ગાંધીનગર કલ્ચરલ ફોરમનું આંગણુ સજાવશે. આ બંને આંતરરાષ્ટ્રીય ખેલાડીઓના આગમનના સમાચારના પગલે શહેરના રમત પ્રેમીઓ તેમજ ખેલૈયાઓમાં ભારે ઉત્સાહ અને રોમાંચનો માહોલ જોવા મળી રહ્યો છે.

### ૩૬મા રાષ્ટ્રીય રમતોત્સવને લઈ

## પી.વી. સિધ્ધુ, મીરાબાઈ ચાનુ, અંજુબેબી જ્યોર્જ ગાંધીનગર આવી રહ્યા છે

ગાંધીનગર, તા. ૨૮

આગામી ૩૦મી સપ્ટેમ્બરથી મહાત્મા મંદિર ખાતે ૩૬મી રાષ્ટ્રીય રમતોત્સવનો પ્રારંભ થશે. મહાત્મા મંદિરના કન્વેનશન હોલ તેમજ સેમિનાર હોલમાં પાંચ જેટલી રમતો રમાડવામાં આવશે.

કન્વેનશન હોલમાં કુસ્તી અને વેઈટલીફટીંગનો આરંભ ૩૦મીએ થશે. આ ઉપરાંત કેન્સીંગની સ્પર્ધા પણ સવારે ૧૦ વાગ્યાથી શરૂ થશે. રાષ્ટ્રીય રમતોત્સવમાં ભાગ લેવા ખેલાડીઓના આગમનની આજથી શરૂઆત થઈ ગઈ છે. આજે અંજુબેબી જ્યોર્જ, શ્રી શંકર મુરલી તેમજ અતનુદાસ ગાંધીનગર આવી પહોંચ્યા છે. ૨૯મીએ ઈન્ડિયાના જાણીતા શટ્લર પી.વી. સિધ્ધુ આવી રહ્યા છે તો ૩૦મીએ મીરાબાઈ ચાનુ ગાંધીનગરના અતિથિ થનાર છે. મહાત્મા મંદિર ખાતે યોજાનારા સ્પર્ધાની તૈયારીઓને અંતિમ રૂપ આપવામાં આવી રહ્યુ છે.

# કર્મયોગી ભવનના ભોંયરામાં વરસાદી પાણીનો ભરાવો

**શહેરમાં ડેન્ગ્યુના કેસો ૪૦૦ નોંધાયા : ચિકનગુનિયાના ૨૫ કેસ : સરેરાશ રોજના ૧૫ જેટલા કેસ નોંધાઈ રહ્યા છે : તંત્ર ચિંતાતુર**

ગાંધીનગર, તા. ૨૮

કર્મયોગી ભવન એ વાહકજન્ય રોગચાળા માટેનું એ.પી. સેન્ટર બનીને ઉભરી રહ્યાની વાતોએ કર્મચારીઆલમમાં ભયની લાગણી જન્માવી છે.

કર્મયોગી ભવનના બ્લોક નં. ૧ અને ૨ ભોંયરામાં વરસાદી પાણી ભરાઈ જવા પામ્યા છે અને હજુ સુધી તેના નિકાલની યોગ્ય વ્યવસ્થા નહિ થઈ હોવાને કારણે અહિ મચ્છરોની ડેન્સીટી વધી જવા પામી છે. દરમ્યાન ગાંધીનગર શહેરમાં અત્યારે રોજના ૧૫ જેટલા ડેન્ગ્યુના કેસો નોંધાઈ રહ્યા છે જેમાં પાંચ કેસ સરકારી હોસ્પિટલમાં અને ૧૦ જેટલા કેસો ખાનગી દવાખાનાઓમાં નોંધાઈ રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં વાહકજન્ય રોગચાળાએ જે રીતે માથુ ઉંચક્યુ છે તેને લઈ તંત્રની પણ ચિંતા વધી છે. મળતી વિગતો પ્રમાણે છેલ્લા ત્રણ મહિનામાં ગાંધીનગર શહેરમાં ૪૦૦ જેટલા

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં પાણી ગટર વેરાના બાકીદારો સામે તંત્ર હરકતમાં : ૨૭૦૦ને નોટીસ

**વેરો નહીં ભરવામાં આવે તો જોડાણ કાપી નાંખવામાં આવશે .. ગત માર્ચના અંતે વેરા વસુલાત ઝુંબેશનાા અંતે માંડ ૪૫ ટકા જ કામગીરી થઇ : પાણી ગટર પાછળ વર્ષે કરોડો રૂપિયાનો ખર્ચ છતા નજીવો વેરો ચુકવવામાં નિરસતા**

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગરમાં પાણી ગટર વેરા વસુલાત ઝુંબેશના અંતે પણ માંડ ૪૫ ટકા જ કામગીરી થાય છે. જયારે દરવર્ષે વેરા વસુલાત ઝુંબેશના અંતે તંત્ર દ્વારા જોડાણકર્તાઓને વળતર પણ ચુકવવામાં આવે છે. ગત માર્ચમાં હાથ ધરાયેલી ઝુંબેશના અંતે પણ વેર વસુલાત અન્વયે વિશેષ કામગીરી થઈ નથી. જેના અંતે હાલ તંત્ર દ્વારા બાકીદારોને નોટીસ આપવામાં આવી રહી છે. તંત્રએ અંદાજિત ૨૭૦૦ જેટલા બાકીદારોને વેરો ચુકવવા માટે નોટીસ આપી છે. જયારે નોટીસ મળ્યાના સાત દિવસમાં વેરો નહીં ચુકવનારના જોડાણ કાપવામાં આવશે.

ગાંધીનગરમાં પાણી ગટર વેરા વસુલાત અન્વયે દર વર્ષે ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. દરવર્ષે માર્ચ મહીનામાં હાથ ધરવામાં આવતી વેરા વસુલાત ઝુંબેશ દરમિયાન જોડાણ કર્તાઓને વેરો ભરપાઈ કરવા માટે વળતરનો લાભ પણ આપવામાં આવે છે. આમછતા વેરા ચુકવવામાં જોડાણકર્તાઓ નિરસતા સેવી રહ્યા હોવાનુ ચિત્ર સ્પષ્ટ થતા તંત્ર કક્ષાએથી પણ વેરો વસુલવા માટે કડક પગલા લેવા વિચારણા હાથ ધરવામાં આવી છે. ગત ઝુંબેશના અંતે અંદાજિત ૨૬ હજારથી પણ વધુ જોડાણકર્તાઓ પાસેથી સવા બે કરોડથી વધુ માંગણા સામે માંડ ૪૦ ટકા જેટલી જ વસુલાત થઈ શકી છે. પાણી ગટરની માળખાગત સુવિધા પુરી પાડવા માટે સરકાર દ્વારા પ્રતિવર્ષ કરોડો રૂપિયાનો ખર્ચ કરે છે. જયારે હાલ સ્માર્ટ સીટી અંતર્ગત શહેરમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે પણ નવી લાઈન નાંખવામાં આવી રહી છે. આ ઉપરાંત દાયકાઓ જુની ગટર લાઈનના બદલે નવી મોટાડાયામીટરની લાઈન બદલવામાં આવી રહી છે. સ્માર્ટ સીટીમાં આગામી દિવસોમાં મીટર પધ્ધિતથી પાણી સપ્લાય કરવામાં આવશે જેના લીધે નગરજનોના માથે આર્થિક બોજ પણ વધશે હાલ પાણી ગટરની સેવા અન્વયે તંત્ર દ્વારા વેરાની નજીવી રકમ વસુલવામાં આવે છે. પરંતુ આ વેરો પણ સમયસર ચુકવવામાં આવતો નથી જેના લીધે તંત્રના ચોપડે વર્ષો જુના વેરાની બાકી રકમનો આંકડો પણ મોટો છે. ગત માર્ચની ઝુંબેશના અંતે તંત્ર કક્ષાએથી માંડ ૪૫ ટકા જેટલી જ વસુલાત થઈ છે. જયારે આ સ્થિતિને અનુલક્ષી પાણી ગટર વેરાના બાકીદારોને નોટીસ આપવાનુ શરૂ કરી દેવાયુ છે. જે અન્વયે શહેરના જુના સેકટરો અલબત્ત સે-૧૪ થી ૩૦ અને સમાવિષ્ટ ગામોને અનુલક્ષી ૧૫૦૦ જેટલા બાકીદારોને નોટીસ આપવામાં આવી છે. આ ઉપરાંત નવા સેકટરોમાં પણ બાકીદારો પાસેથી વેરાની રકમ વસુલવા માટે નોટીસ આપવામાં આવી છે. જેમાં પણ અંદાજિત ૧૨૦૦ થી વધુ બાકીદારોને નોટીસ આપવામાં આવી હોવાનુ ધ્યાને આવ્યુ છે. બાકીદારોને નોટીસ મળ્યાના આગામી સાત દિવસમાં વેરો ચુકવી દેવા માટે પણ જણાવાયુ છે. જયારે નોટીસ બાદ પણ વેરો નહીં ચુકવનારના જોડાણ રદ કરવામાં આવશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે. છેલ્લા ઘણાં સમયથી પાણી ગટર વેરાની વસુલાતના અંતે માંડ ૪૫ ટકા જ કામગીરી થાય છે. જયારે દરવર્ષે જુના બાકીદારોના આંકડા સાથે નવા ઉમેરાતા વેરા વસુલાતની ઉધારીનો આંકડો મોટો થતો જાય છે. શહેરમાં પાણી ગટરની વ્યવસ્થા જાળવવા માટે સરકાર પ્રતિવર્ષ કરોડો રૂપિયાનો તોતિંગ ખર્ચ કરે છે. જયારે સ્માર્ટ સીટી અન્વયે નવી લાઈન નાંખવા માટે પણ તોતિંગ ખર્ચ કરવામાં આવી રહ્યો છે. આવા સંજોગોમાં વેરાની નજીવી રકમ ચુકવવામાં નિરસતા દાખવતા જોડાણકર્તાઓને આગામી દિવસોમાં મીટર પધ્ધતિથી પાણી મેળવવાનુ રહેશે. ત્યારે વેરાની સાપેક્ષમાં મીટર ભાડાની રકમ આર્થિક ભારણ વધારશે.

# સે-૧૦માં ગોળીબારમાં થયેલી હત્યાનો ભેદ ઉકેલાયો

**પ્રેમ સબંધમાં આડખીલી બનતા પત્નીએ પતિની હત્યા કરાવી : હત્યા પછી ભાગતા આરોપીનું બાઇક સ્લીપ થયું અને ઇજા થઈ હતી, ત્યાં દેશી પિસ્તોલ પડી ગઈ હતી જે પોલીસને મળી**

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરના ઈન્દ્રોડા ગામના યુવકનું સેકટર-૧૦ ખાતે બે દિવસ પહેલા સવારે ૧૦ વાગે ગોળી મારી હત્યા કરવામાં આવી હતી. પોલીસે ગણતરીના કલાકોમાં હત્યાનો ભેદ ઉકેલી દીધો છે. આ હત્યા પ્રકરણમાં પોલીસે બે આરોપીની ધરપકડ કરી લીધી છે. ત્યારે પોલીસ તપાસમાં મૃતક યુવકની હત્યા તેની પત્નિના પ્રેમીએ કરી હોવાનો ઘટસ્ફોટ થયો છે. ત્યારે હત્યા પ્રકરણમાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગત તા.૨૬ સપ્ટેમ્બરના રોજ ઈન્દ્રોડા ગામે રહેતા કિરણજી વિરાજી મકવાણા સાયકલ લઈને સચિવાલય નોકરી પર જઈ રહ્યા હતા. તે સમયે સેકટર-૧૦ એ ભારતીય સર્વેક્ષણ કચેરીની પાછળના ભાગે રોડ પરથી પસાર થઈ રહ્યા હતા. તે સમયે અજાણ્યા શખ્સોએ પીસ્ટલ જેવા હથીયાર વડે



યુવકને બરડામાં જમણી બાજુએ ગોળી મારી ઢીમ ઢાળી દીધુ હતું. શહેરમાં ધોળે દિવસે સરકારી કચેરીઓ પાસે હત્યા થતા ચકચાર મચી જવા પામી હતી. ગુનાની ગંભીરતાને ધ્યાને લઈ ગાંધીનગર રેન્જ આઈજીપી અભય ચુડાસમાએ સુચના આપતા જિલ્લા પોલીસ વડા તરૂણ દુગ્ગલએ એલસીબી-૧ અને ૨ તેમજ એસઓજી અને સ્થાનિક પોલીસની વિવિધ ટીમો અલગ અલગ દિશામાં તપાસ તેજ કરી હતી. પોલીસે ગુનાની જગ્યાથી લઈ તે રૂટ પર આવતા તમામ જગ્યાઓના સીસીટીવી ફુટેજ અને ટેકનીકલ સર્વેલન્સ આધારે તપાસ કરતા કિરણને ગોળી મારનાર બે શખ્સો પલ્સર બાઈક લઈને આવ્યા હોવાનું સામે આવ્યું હતું. જયારે બનાવ સ્થળ થી ૫૦૦ મીટર દુર બાઈક સ્લીપ ખાઈ ગયું હતું. જેથી પોલીસે તપાસ કરતા તે સ્થળ પરથી ગુનામાં વપરાયેલી દેશી બનાવટની પિસ્ટલ મળી આવી હતી. પલ્સર બાઈક પર આવેલા શખ્સો પેથાપુર રૂટ પર થઈને ઈન્દ્રોડા ગામે આવ્યા હતા. ત્યારે મૃતકના પત્નીના બ્રેક ગ્રાઉન્ડ ચેક કરતા પ્રેમીલાના જીતેન્દ્ર કીરીટ પટેલ (રહે. ગોઝારીયા) સાથે પ્રેમસંબંધ હોવાનું સામે આવ્યું હતું. જીતેન્દ્રની પુછતાછમાં તેણે જણાવ્યુ હતું કે પોતાના ફેબીકેશનના વેપારમાં કામ કરતા જૈમીન ભરત રાવળ સાથે મળી હત્યાને અંજામ આપ્યો છે. જયારે

● અનુસંધાન પાન-૭ પર

### પલ્સર બાઈક પર નંબર પ્લેટ પર નંબર હતો તે ઈનોવા કારનો હતો

ગોઝારીયા થી પલ્સર બાઈક લઈને જીતેન્દ્ર કીરીટ પટેલ અને જૈમિન રાવળ ગાંધીનગર હત્યાને અંજામ આપવા માટે આવ્યા હતા. તે સમયે પલ્સર બાઈક પર નંબર પ્લેટ લગાવી હતી. હત્યારાઓ સીસીટીવીમાં કેદ થતા પોલીસે બાઈકનો નંબર ચેક કરતા તે નંબર ઈનોવા કારનો હોવાનું સામે આવ્યું હતું.

# ગુડાના મંજુર ટીપી વિસ્તારમાં માળખાગત સુવિધાના કામો ઝડપથી હાથ ધરાશે

**માળખાકીય કામોમાં ઝડપ કરવા શહેરી વિકાસ વિભાગની સૂચના**

રાજયના શહેરી વિકાસ સત્તામંડળોની મંજુર કરાયેલી ફાયનલ અને પ્રિલીમ ટીપી સ્કીમના વિસ્તારોમાં રસ્તા, ગટર, પાણી અને સ્ટ્રીટ લાઈટ સહિતની જાહેર માળખાકીય સુવિધાના કામોમાં ઝડપ લાવવા માટે શહેરી વિકાસ વિભાગ દ્વારા સ્પષ્ટ તાકીદ કરી છે જેના લીધે ગુડા નું તંત્ર કામોમાં ઝડપ કરવા હરકતમાં આવ્યું છે

સરકાર દ્વારા ટીપી સ્કીમ નંબર ૬ (કુડાસણ, સરગાસણ, ધોળાકુવા), ટીપી સ્કીમ નંબર ૭ (સરગાસણ, કુડાસણ, પોર), ટીપી સ્કીમ નંબર ૧૩ (વાવોલ) અને ટીપી સ્કીમ નંબર ૧૬ (પેથાપુર)ને આખરી મંજુરી આપવામાં આવી હતી. જ્યારે ટીપી સ્કીમ નંબર ૯-એ (વાસણા હડમતિયા, સરગાસણ, વાવોલ), ટીપી સ્કીમ નંબર ૯-બી (સરગાસણ, ઉવારસદ) તથા ટીપી સ્કીમ નંબર ૧૦ (અડાલજ, પોર)ને પ્રિલીમીનરી મંજુરી આપવામાં આવી હતી. રાજ્ય સરકાર દ્વારા મંજુર કરાયેલી વિકાસ યોજનામાં સમાવિષ્ટ થતા વિસ્તારોમાં આંતર માળખાકીય સુવિધાઓ જેવી કે, રસ્તાઓ, ડ્રેનેજ, પાણીની સુવિધા, સ્ટ્રીટ લાઈટ, વિગેરે પુરી પાડવા માટે સંબંધિત સમુચિત સત્તામંડળ દ્વારા અધિનિયમની જોગવાઈ હેઠળ મુસદારૂપ નગરરચના યોજના બનાવવામાં આવે છે.

નોંધવું રહેશે કે આખરી મંજુરી બાદ જ સત્તા મંડળ રસ્તાઓની સુવિધા પુરી પાડી શકે છે. ત્યારે શહેરી વિકાસ વિભાગના આદેશના પગલે મંજુર ડ્રાફટ સ્કીમના વિસ્તારોમાં રસ્તાઓના ઝડપી અમલીકરણ સાથો સાથ આંતરમાળખાકીય સુવિધાઓમાં વૃધ્ધિ થશે. જ્યારે પ્રારંભિક નગર રચના યોજના મંજુર થયા બાદ સત્તા મંડળને જાહેર સુવિધા માટે મળતાં પ્લોટોનો સત્તામંડળ કબજો મેળવી વિકાસની ગતિ તેજ બનાવશે જયારે ગુડા હસ્તકનો મોટો ભાગ ગાંધીનગર મહાનગર પાલિકામાં ભેળવી દેવામાં આવતાં ટીપી સ્કીમ નંબર ૬માં ૧૨૭.૧૯ હેક્ટર વિસ્તાર, ટીપી સ્કીમ નંબર ૭માં ૧૦૪.૧૨ હેક્ટર વિસ્તાર, ટીપી સ્કીમ નંબર ૧૩માં ૧૭૪.૮૪ હેક્ટર વિસ્તાર અને ટીપી સ્કીમ નંબર ૧૬માં ૧૭૦.૩૪ હેક્ટર વિસ્તારને વિકસાવવા કામગીરી તેજ કરી દેવાશે જેથી માર્ગ નિર્માણની કામગીરી સહીત આંતરમાળખાકીય કામોમાં પણ ઝડપ આવશે

# શહેરમાં કોરોનાના પાંચ કેસ ગ્રામ્યમાં બે કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના આજે વધુ ૩ કેસ નોંધાયા છે. ગાંધીનગર શહેરમાં કોરોનાના પાંચ કેસ અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં બે નવા કેસ નોંધાયા છે.

આજે નોંધાયેલા કેસો લોકલ ટ્રાન્સમિશનથી નોંધાયા છે તેમજ કેસોની સંખ્યામાં જે રીતે ચડાવ-ઉતાર થઈ રહ્યો છે તેથી તંત્રની ચિંતા વધી છે. ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ગાંધીનગર તાલુકામાં અડાલજ અને આલમપુર ગામેથી એક-એક કેસ કોરોનાના મળી આવ્યા છે. આ બન્ને દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં સે. ૧૯, સે. ૧ ઉપરાંત ઈન્ફોસીટી, રાંદેસણ અને રાયસણમાંથી એક એક કેસ મળી આવેલ છે. શહેરમાં આજે નોંધાયેલ પાંચ કેસમાંથી ૩ મહિલા દર્દી છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

મકાન વેચવાનું છે
(GF + FF)
પ્લોટ નં. ૭૩૪/૧, સેક્ટર-૨/સી, ગાંધીનગર
સંપર્ક
૬૩૫૮૭૫૨૯૬૦

ચણીયા-ચોળી અને કેડીયા ભાડે મળશે



૯, સાત્વિક હોમ્સ, કોલવડા રોડ, વાવોલ
મો. ૮૭૫૮૫૧૨૪૬૬

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com